# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમ યોજાઈ.

પંચમહાલ, દાહોદ, મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે દીપક ફાઉન્ડેશન, ક્વાટ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના 30 જેટલી બેહનો માટે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા દીપક ફાઉન્ડેશન, ક્વાટ દ્વારા "ક્લાઈમેટ રિસીલન્સ એગ્રીકલ્ચર" અંતર્ગત અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં 30 જેટલી બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહસંશોધન વૈજ્ઞાનિક ડૉ.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત, સંયોજિત અને સંકર જાતો વિષે માહિતી આપી અને દેશી જાતો છોડીને નવી સંકર જાતો અપનાવવા પર ભાર મૂક્યો હતો. ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પી.બી) એ મકાઈમાં બીજ ઉત્પાદન અને સીડ વિલેજ પ્રોગ્રામની માહિતી આપેલ હતી.

પ્રો.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગે , ફર્ટિલાઇઝરનો ભલામણ મુજબ જુદા-જુદા તબક્કામાં ઉપયોગ અંગે તેમજ નીંદામણ નિયંત્રણ અંગે વિસ્તૃતમાં માહિતી આપેલ હતી. ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટો.) દ્વારા મકાઈમાં આવતી જીવાતોનું સંકલિત નિયત્રંણ વિષે વિસ્તૃતમાં માહિતી આપી.

પ્રો.ડી.એમ.રાઠોડ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો અને તમામ બહેનોને બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરવાની સલાહ આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું.



